રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ) ના ચીફ . જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૨૮૯૧ /૨૦૧૮**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ ધ્ધ.

આરોપી : સંજય રામભાઈ પ્રજાપતિ

ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી અને આરોપી તર્ફે વિ.વ.શ્રી.

**ગુનો : ઈ.પી.કો.ક. ૨૭૯, ૩૩૭ તથા મો.વ્હી.એકટની કલમ ૧૭૭ તથા ૧૮૪ મુજબ.**

**–: ચૂ કા દો : –**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

**આ કામના આરોપીએ** ચાર્જશીટમા દર્શાવેલ વિગતે પોતાના હવાલા વાળુ વાહન **પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી/સાહેદને ટકકર મારી પાડી દઈ, શરીરના જુદા જુદા ભાગે ઈજાઓ પહોંચાડી,** ઈ.પી.કો.ક. ૨૭૯, ૪૨૭ તથા મો.વ્હી.એકટની કલમ ૧૭૭ તથા ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે. આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હું ક મ : –**

આ કામના આરોપી ને કિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી, ઈ.પી.કો.ક. ૨૭૯ મુજબના ગુનામાં રૂા. ૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા, ઈ.પી.કો.કો.ક. ૩૩૭ મુજબના ગુનામાં રૂા.૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા, તથા મો.વ્હી.એકટની કલમ ૧૭૭ તથા ૧૮૪ ગુનામાં રૂા. ૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરા, આમ સદરહું આક્ષેપ અંગે કુલ્લે દંડ રૂા.૯૦૦/– અંકે રૂપિયા નવસો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–સાત ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. 22 મી જુલાઈ સને 2018 ના રોજ જાહેર કર્યો.

તારીખ : 22/7/2018.

મુકામ :અમદાવાદ

(વનરાજસિંહ આપાભાઈ ધાધલ)
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય)